પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 08/11/2026 **Morning : 7.10 to 7.20**
Day : Sunday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **પ્રકાશ પર્વ દિવાળીની આજે રાજ્યભરમાં હર્ષોલ્લાસ સાથે ઉજવણી – મુખ્યમંત્રીએ નાગરિકોને શુભેચ્છા પાઠવી**
2. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં દિવાળીના તહેવારની ઉજવશે – આવતીકાલે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે**
3. **આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ભેળસેળયુક્ત પદાર્થો વેચનારા તત્વો સામે કડક કાયદાકીય કાર્યવાહીની ચેતવણી આપી**
4. **વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027 અંતર્ગત ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં રોડ-શો સહિત આઠ ગોળ મેજી અને ચાર મંત્રી સ્તરીય બેઠકો યોજાઇ**
5. **અમદાવાદમાં પોલીસે આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ નેટવર્કનો પર્દાફાશ કર્યો**

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

DIWALI

પ્રકાશ પર્વ દિવાળીની આજે રાજ્યભરમાં પરંપરાગત રીતે હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે.

અધર્મ પર ધર્મના વિજયના પ્રતિક રૂપે ઉજવાતી દિવાળી આનંદ અને રોશનીનો તહેવાર છે. દિપાવલી પર્વની ઉજવણીના ભાગરૂપે ઘરે ઘરે દિવડા રંગોળીના સુશોભન જોવા મળી રહ્યા છે. આજે ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજનનું અનેરૂં મહત્વ છે. વેપારીઓ ચોપડા પૂજન કર્યા બાદ વેપારી કામકાજ બંધ કરશે. રાજ્યના વિવિધ મંદિરોમાં દિવાળી નિમિત્તે વિશેષ શણગાર , રોશની કરાયા છે. રાજ્યભરના મંદિરો રોશનીથી ઝળહળી રહ્યા છે.

દરમિયાન ગઇકાલે બજારોમાં છેલ્લી ઘડીની ખરીદી માટે મોડી રાત સુધી ભીડ જોવા મળી હતી. લોકોમાં ફટાકડા અને મીઠાઇ દ્વારા દિવાળી ઉજવણીનો અનેરો થનગનાટ જોવા મળ્યો. મોડી રાત સુધી લોકો નવા વસ્ત્રો , સુશોભનની ચીજવસ્તુઓ, ફટાકડાની ખરીદી કરતા જોવા મળ્યા.

CM - DIWALI WISHES

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકો તથા વિદેશ વસતા ગુજરાતી પરિવારોને દિવાળી અને વિક્રમ સંવત 2083ના નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી છે. તેમણે નૂતન વર્ષે સૌના જીવનમાં સુખ , શાંતિ, સમૃદ્ધિ, સંતોષ અને ઉત્તમ આરોગ્યનો પ્રકાશ પથરાય તથા દરેક પરિવારનું જીવન આનંદ અને ઉલ્લાસથી ભરપૂર બને તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની વણથંભી વિકાસયાત્રાને તેજ ગતિએ આગળ ધપાવવાના દ્રઢ સંકલ્પ સાથે સૌ કોઈ વિક્રમ સંવતના નૂતન વર્ષે વિકાસ માર્ગે વધુ ગતિમય બને અને આત્મનિર્ભર ભારત માટે વિકસિત ગુજરાતના સંવાહક બને તેવી શુભકામનાઓ પાઠવી છે.

CM NEW YEAR PROGRAM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિક્રમ સંવત 2083ના પ્રારંભે 10 નવેમ્બરના રોજ નાગરિકો સાથે નૂતન વર્ષાભિનંદન શુભેચ્છાઓનું આદાન પ્રદાન કરશે.

મુખ્યમંત્રી મંગળવારે સવારે સાત વાગ્યે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરીને નૂતન વર્ષનો પ્રારંભ કરશે. તેઓ 7.30 વાગ્યે અડાલજ ખાતે ત્રિમંદિરમાં દર્શન પૂજન માટે જશે.

ત્યારબાદ તેઓ મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટવર ખાતે સવારે આઠ કલાકે નાગરિકો-પ્રજાજનો સાથે નૂતન વર્ષ નિમિત્તે શુભેચ્છાઓની આપ-લે કરશે.

AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ આજે અમદાવાદમાં પરિવાર સાથે દિવાળીના તહેવારની ઉજવણી કરશે. ગઇકાલે શ્રી શાહે અમદાવાદ ખાતે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા , નાગરિક સુરક્ષા , નશામુક્ત ભારત અભિયાન સહિતની સર્વગ્રાહી સમીક્ષા કરી.

આવતીકાલે અમદાવાદ ખાતે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. સરખેજ ગાંધીનગર હાઇવે પર બનાવવામાં આવેલા ચાર કિલોમીટર લાંબા ઓવરબ્રિજનું પણ તેઓ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવશે. વાડજ રામાપીરના ટેકરા ખાતે આવાસ યોજનાના લોકાર્પણ કાર્યક્રમ બાદ રાણીપમાં તેઓ જાહેર સભાને પણ સંબોધન કરશે.

10 નવેમ્બરે બેસતા વર્ષના દિવસે કેન્દ્રીય મંત્રી અમિત શાહ પોતાના થલતેજ ખાતેના નિવાસસ્થાને ભાજપના નેતાઓને કાર્યકર્તાઓને નવા વર્ષની શુભેચ્છા પાઠવશે.

PRAFUL PAANSHERIYA MEETING ON FOOD

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ રાજયભરના ખોરાક અને ઔષધ વિભાગના અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય વર્ચ્યુઅલ બેઠક યોજી. બેઠકમાં રાજ્યમાં આરોગ્ય સેવાઓ સુદ્રઢ કરવા વિભાગની કામગીરીની સમીક્ષા અને ચર્ચા કરવામાં આવી.

આ પ્રસંગે શ્રી પાનશેરીયાએ ખાદ્ય ગુણવત્તા અને સ્વચ્છતાના માપદંડોમાં સમગ્ર દેશમાં ગુજરાત રોલ મોડલ બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો . તેમણે એનાલોગ પનીર, ચીઝ, બટર અને નકલી ઘી જેવા ભેળસેળયુક્ત પદાર્થો વેચનારા અસમાજિક તત્વો સામે કડક કાયદાકીય કાર્યવાહીની ચેતવણી આપી.

(BYTE: PRAFUL PANSHERIYA, HEALTH MINISTER)

MAHUDI KALI CHAUSDASH

ગાંધીનગના મહુડી ખાતે શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનો કાળી ચૌદશનો વાર્ષિક હોમ-હવન આજે બપોરે 12 વાગીને 39 મિનિટે યોજાશે.

આ વર્ષે ચતુર્દશી તિથિ ગઈકાલે સવારે 10 વાગીને 47 મિનિટે શરૂ થઈ હતી જે આજે સવારે 11 વાગીને 27 મિનિટ સુધી રહેશે. જેના કારણે મહુડી મંદિરમાં કાળી ચૌદશનો વિશેષ હવન અને પૂજન આજે રાખવામાં આવ્યું છે.

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

VIBRANT GUJARAT ROAD SHOW

રાજ્ય સરકારના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે 26 ઓક્ટોબરથી 2 નવેમ્બર દરમિયાન ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં યોજાયેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2027નો રોડ-શો સફળતાપૂર્વક પૂર્ણ કર્યો. આઠ ગોળ મેજી બેઠકોમાં 150થી વધુ ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો . ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી ઋષિકેશ પટેલના નેતૃત્વ હેઠળ પ્રતિનિધિ મંડળે 11 વન-ટૂ-વન બેઠકો, 4 મંત્રીસ્તરીય બેઠકો અને 6 સાઇટની મુલાકાતો લીધી.

આ રોડ-શોનો મુખ્ય હેતુ આર્થિક ભાગીદારી મજબૂત કરવાનો , રોકાણ આકર્ષવાનો અને ક્રિટિકલ મિનરલ્સ , ઊર્જા, શિક્ષણ, સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસન ક્ષેત્રે ગુજરાતમાં રહેલી તકોને વૈશ્વિક મંચ પર રજૂ કરવાનો હતો. પ્રવાસના ભાગરૂપે મેલબોર્ન અને બ્રિસ્બેનમાં ભારતીય અને ગુજરાતી સમુદાય માટે 2 કાર્યક્રમો યોજાયા હતા.

AHMEDABAD DRUGS

અમદાવાદના નરોડા વિસ્તારમાં પોલીસે આંતરરાષ્ટ્રીય માદક પદાર્થ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પોલીસે કેરળના કોલ્લમથી એક નાઇજીરીયન નાગરિકની ધરપકડ કરી છે. આરોપી પાસેથી 1 કિલો 850 ગ્રામ માદક પદાર્થ જપ્ત કર્યો છે.

(BYTE: ATUL BANSAL, DCP, ZONE 4)

ARVALLI NDPS

અરવલ્લીમાં અદાલતે માદક પદાર્થોની હેરફેરીના કેસમાં બે આરોપીને NDPS હેઠળ દસ-દસ વર્ષની સખત કેદની સજા અને એક-એક લાખને દંડ ફટકાર્યો છે. આ અંગે સરકારી વકીલ, જે. એસ. દેસાઈએ વધુ વિગતો આપી.

(BYTE: J. S. DESAI, GOVERNMENT LAWYER)

AHMEDABAD DIVISION RAILWAY FACILITY

અમદાવાદ રેલવે મંડળથી 6 નવેમ્બર સુધીમાં 8.20 લાખથી વધુ મુસાફરોએ વિવિધ સ્થળોએ મુસાફરી કરી. દીવાળી અને છઠ પૂજા દરમિયાન મંડળ દ્વારા સર્વગ્રાહી વ્યવસ્થા કરાઈ છે. નવેમ્બર મહિનામાં વિવિધ સ્થળો માટે 73 વિશેષ ટ્રેન ટ્રિપ્સનું સંચાલન કરાઈ રહ્યું છે.

દરમિયાન DRM વેદ પ્રકાશે મોડી રાત્રે અમદાવાદ સ્ટેશને પહોંચીને વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી. મુસાફરોઓના ધસારાને પોહચી વળવા અને પ્લેટફોર્મ પર બિનજરૂરી ભીડને રોકવા અમદાવાદ અને સાબરમતી રેલવે સ્ટેશનો પર વિશેષ હોલ્ડિંગ એરિયા બનાવવામાં આવ્યા છે.

METRO TIME

આજે અમદાવાદ અને ગાંધીનગરમાં મેટ્રો સેવાના સમયમાં ફેરફાર કરાયો છે. દિવાળીના તહેવાર દરમિયાન જાહેર માર્ગો પર થતી ફટાકડાની આતશબાજીને ધ્યાનમાં રાખીને આજે અમદાવાદ અને ગાંધીનગરમાં મેટ્રો સેવાના નિયમિત સમયમાં ઘટાડો કરવામાં આવ્યો છે. અમદાવાદમાં સાંજે 7 અને ગાંધીનગરમાં સાંજે 6 વાગ્યા સુધી જ મેટ્રો સેવા મળશે. આજે રાત્રે મેટ્રો ટ્રેનો મોડે સુધી દોડશે નહીં.

BHAVNGAR-TOLMAP

ભાવનગર જિલ્લાના વિવિધ તાલુકામાં તોલમાપ વિભાગ દ્વારા મોબાઈલ ચેકિંગમાં 17 વેપારીઓને દંડ ફટકારી 46 હજાર 500 નો દંડ વસુ લવામાં આવ્યો. મીઠાઈ-ફરસાણનું ઉત્પાદન અને વેચાણ કરતા વેપારી એકમોની ધી લીગલ મેટ્રોલોજી એક્ટ 2009 તથા ધી પેકેજ કોમોડિટી રૂલ્સ 2011 અન્વયે તપાસ કરવામાં આવી હતી. જેમાં વજનકાંટા ચકાસણી-મુદ્રાંકન કરાવેલ છે કે નહીં , તેમજ પેકિંગમાં વેચતા મીઠાઈ-ફરસાણ પેકેટ ફોર્મમાં હોઈ એવા વેપારીઓ દ્વારા પેકર-રજિસ્ટ્રેશન કરાવેલ છે , તેમજ ગ્રાહકોને યોગ્ય જથ્થો મળી રહે તે બાબતની ખાસ તપાસ કરવામાં આવી હતી.

RAJKOT – BHAIBEEJ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી તારીખ 11 નવેમ્બર બુધવારના રોજ “ભાઈબીજ” તહેવાર નિમિતે મહિલાઓ માટે બી.આર.ટી.એસ. રૂટ પર કાર્યરત બસ સેવા તથા શહેરમાં કાર્યરત સિટી બસ સેવા નિ:શુલ્ક પુરી પાડવામાં આવશે. જેમાં કોઈપણ રૂટ પર , ગમે તેટલી વખત ફક્ત મહિલાઓ નિ:શુલ્ક મુસાફરી કરી શકશે.